<u>સ્પે.દિ.મુ.નં.૩૬/૨૦૧૪</u>

## <u>પ્રતિવાદીની આંક–૫૦ ની અરજી તથા વાદીની અરજી</u>

## <u>લગત સંયુકત હુકમ</u>

વાદી તર્ફે વિ.વકીલશ્રી આર.એ.પરમાર હાજર છે. પ્રતિવાદી તર્ફે પ્રોકસી તર્ફે વકીલશ્રી અંજુબેન હાજર છે. રજુઆતો સાંભળી. હાલની અરજી પ્રતિવાદી નં.૨/૪ ચાલુ દાવે ગુજરી જતા તેના વારસદારોએ પ્રતિવાદીના વારસદાર તરીકે પક્ષકાર તરીકે દાખલ કરવા રજુ કરેલ છે. વાદી તરફથી આ અરજીના સમર્થનમાં પોતાની અલગ અરજી આપીને એવી વિનંતી કરેલી છે કે, પ્રતિવાદી નં.૨/૪ મૃત્યુ પામેલા છે અને પ્રતિવાદી નં.૨/૪ ના વારસદારો પોતાને આ દાવામાં પક્ષકાર તરીકે દાખલ કરવા જે અરજ ગુજારેલ છે તે જ રીતની અરજી વાદી પોતે પણ કરી રહયા છે. તેથી પ્રતિવાદી નં.૨/૪ ના વારસો તરીકે દાવામાં દાખલ થવા માગતા સુચિત પક્ષકારોને પ્રતિવાદી તરીકે દાખલ કરવા વિનંતી કરેલી છે.

સામાન્ય સંજોગોમાં જયારે પ્રતિવાદીનું મૃત્યુ થાય અને તેના વારસો માટે દાવાનું કારણ જો ચાલુ રહેતુ હોય તો પ્રતિવાદીના મૃત્યુની જાણ થાય ત્યારથી ૯૦ દિવસની સમય મર્યાદામાં વાદીએ તેના વારસોને જોડવા માટે અરજી દાખલ કરવી જોઈએ. અહીં હાથ ઉપરના કેસમાં આંક–૫૦ વાળી અરજી પ્રતિવાદી નં.૨/૪ જે મૃત્યુ પામેલા છે તેના વારસોએ પોતે દાખલ કરેલી છે અને તેને પક્ષકાર તરીકે જોડવા વિનંતી કરેલી છે. વાદીએ પણ અલગથી અરજી કરીને એ હકીકતને સ્વીકૃત પણ રાખેલી છે અને તે જ મતલબની દાદ મંજુર કરવાની વિનંતી કરેલી છે. તે સંજોગોમાં આ દાવાનું

સ્વરૂપ જોતાં તેમાં પાર્ટીશનની માંગણી છે અને પાર્ટીશનનો દાવો હોય ત્યારે દાવાના દરેક પક્ષકારો વાદી જેવુ જ સ્ટેટસ ધરાવતા હોય છે અને તેથી પ્રતિવાદી નં.૨/૪ મૃત્યુ પામવા છતા તેના માટે દાવાનું કારણ ચાલુ જ રહે છે. તે સંજોગોમાં ન્યાયના વિશાળ હિતમાં પ્રતિવાદી નં.૨/૪ ના વારસોની અરજી અને વાદીની પણ આ વારસોને જોડવા માટેની અરજી લગત સંયુકત હુકમ કરીને આ બંને અરજીઓ મંજુર કરવામાં આવે છે.

વાદીએ દાવા અરજીમાં જરૂરી સુધારો તરત જ કરવો.

વાદીએ સુધારેલી દાવા અરજી હવે પછીની મુદતે રજુ કરવી.

સ્થળ : ઉના.
તારીખ: ૦૭/૦૮/૨૦૨૧

**(Virendrasinh Gemalsinh Rana)**
પ્રિન્સી.સીની.સીવીલ જજ, ઉના કોડ
નં.જી.જે.૦૦૯૬૪